INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.gujratcongress.org • **E-mail:** gpcc1234@gmail.com

અખબારી યાદી:

તા.૧૨-૦૪-૨૦૨૨

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ હાથ ધરીને સજ્જતા ધારણ કરવામાં આવી રહી છે. ચૂંટણીઓને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા આગેવાનો, કાર્યકરોને તાલીમથી સજ્જ કરવાનો પણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે તે અંતર્ગત પાટણ જિલ્લા કોંગ્રેસ સમિતિની તાલીમ શિબિર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ જગદીશભાઈ ઠાકોર, પ્રદેશ સંગઠન પ્રભારી અને હોદ્દેદારો, આગેવાનોની ઉપસ્થિતિમાં સુરાણી પાટી વાડી, ચાણસ્મા ખાતે આજે યોજાઈ હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોરે જિલ્લા તાલીમ શિબિરને ખુલ્લી મૂકી આગામી ચૂંટણીને અનુલક્ષીને સજ્જ થઈ જવા આગેવાનો, કાર્યકરોને હાકલ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે. મોંઘવારીના મારથી આમ નાગરિક હેરાન પરેશાન છે. લાખો બેરોજગાર યુવાનોમાં ભારે અજંપો પ્રવર્તી રહ્યો છે, ખેડૂતો, મહિલાઓ, વેપારીઓ, કર્મચારીઓ સહિત સમાજના તમામ વર્ગો ભાજપની વર્તમાન સરકારથી ત્રાહિમામ છે. આગામી સમયમાં કોંગ્રેસ મજબૂત રીતે ચૂંટણીના મેદાનમાં ઊતરશે અને ગુજરાતની જનતાના આશીર્વાદથી જ્વલંત પરિણામ મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ સત્તામાં આવ્યાની સાથે 2 લાખ બેરોજગારોને સરકારી નોકરી આપશે. ઉત્તર ગુજરાતની પાંચ નદીઓ પર 100 કરોડ ના ખર્ચે ડેમ બનાવી નવપલ્લવિત કરાશે. ગેસનો બાટલો 500થી વધવા નહીં દઈએ અને ભાજપ સરકારમાં રાંધણ ગેસના ૧૦૦૦ ની લુંટમાંથી મહિલાઓને મુક્તિ અપાશે. ભાજપ સરકાર કાલે ચૂંટણી જાહેર કરે તો પણ કોંગ્રેસ ચૂંટણી માટે સજ્જ છે. પાટણ જિલ્લા કોંગ્રેસની આ એક દિવસીય તાલીમ શિબિરમાં ઉત્તર ગુજરાત ઝોનના સંગઠન પ્રભારી શ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, પાટણ જિલ્લાના પ્રભારી શ્રી મુકેશભાઈ ચૌધરી, પાટણ જિલ્લાના કોંગ્રેસના ધારાસભ્યો સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોર, પાટણના ધારાસભ્ય ડો, કિરીટભાઈ પટેલ અને રાધનપુરના ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી શંકરજી ઠાકોર, દિનેશભાઇ ઠાકોર, પાટણ શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી ભરત ભાટિયા, તાલીમ ટ્રેનર શ્રી અમૃતસિંહ ઝાલા, સહિત પાટણ જિલ્લાના તમામ શહેર અને તાલુકાના પ્રમુખ, મહામંત્રીઓ, સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમ શિબિરમાં ભાજપ કાર્યકરો કોગ્રેસમાં જોડાયા હતા. જેમને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરના હસ્તે ખેસ પહેરવાયો હતો. જેમાં રામસગજી ભાવસગજી ઠાકોર નાની ચંદુર પાટણ જિલ્લા ભાજપ મંત્રી, પૂર્વ જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય અને ઠાકોર રસિકજી વાલજી ગાજદિનપુરા સમી પેજ પ્રમુખ કોગ્રેસમાં જોડાયા હતા.

(ડૉ.મનીષ એમ.દોશી)
મુખ્ય પ્રવક્તા

આ સાથે કાર્યક્રમના ફોટોગ્રાફ સામેલ છે.